# પ્રાંતિજ ખાતે સિનીયર સીટીઝન મંડળ દ્વારા ચોથો સ્નેહ મિલન સમારંભ યોજાયો

**રાજયકક્ષાના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા : સિનીયર સીટીઝન મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કાર્યકરો સભ્યો સહિત મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા**

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે સિનીયર સીટીઝન મંડળ નો ચોથો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો જેમા રાજ્યકક્ષા ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ શ્રી મહાકાલી મંદિર ખાતે પ્રાંતિજ તાલુકા સિનિયર સીટીઝન મંડળ નો ચોથો સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો જેમા પ્રાંતિજ તલોદ ના ધારાસભ્ય અને અન્ન નાગરીક પુરવઠો અને ગ્રાહક સુરક્ષા ના રાજયકક્ષા ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા તો સિનિયર સીટીઝન મંડળ ના પ્રમુખ , મંત્રી , કારોબારી સભ્યો દ્વારા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર નુ પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી ને સન્માન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે ઉપસ્થિત વિવિધ સમાજ ના પ્રમુખો , આગેવાનો , વિવિધ મંડળના પ્રમુખો દ્વારા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર નુ સન્માન કરવામા આવ્યુ હતુ તો કાપડ




એસોસિયેશન ના પ્રમુખ ભરતભાઈ શાહ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામા આવ્યુ હતુ તો મોદી સમાજ ના પ્રમુખ પંકજ ભાઈ મોદી દ્વારા પણ મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર નુ સન્માન કર્યુ હતુ સિધી સમાજ ના પ્રમુખ ધરમદાસભાઈ દ્વારા પણ પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી ને મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર નુ સન્માન કરવામા આવ્યુ હતુ તો રાવલ સમાજ વતી અરવિંદભાઈ રાવલ દ્વારા સન્માન કરવામા આવ્યુ હતુ તો મુસ્લિમ સમાજ દ્વારા પણ મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર નુ સન્માન કરવામા આવ્યુ હતુ તો વિવિધ સમાજ ના આગેવાનો દ્વારા સન્માન કરવામા આવ્યુ હતુ તો સિનિયર સીટીઝન મંડળ ના સભ્યો વડીલો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા તો એકબીજા ને મળી નવાવર્ષ ની શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો આ પ્રસંગે નગર પાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, સિનિયર સીટીઝન મંડળ ના પ્રમુખ સી.કે.પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ પટેલ, શરદભાઈ પરીખ સહિત ઉપસ્થિત રહ્યા હતા તો સિનિયર સીટીઝન મંડળ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામા આવી હતી તો મંડળ ની સ્થાપના બાદ મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામા આવે છે તો સમગ્ર કાર્યક્રમ નુ સફર સંચાલન મંડળ ના મંત્રી સમીક્ષા બેન ખમાર, ધનજીભાઈ પટેલ , અરવિંદભાઈ રાવલ, રસિકભાઈ પટેલ, મુકુંદભાઈ કસ્બાતી તથા કારોબારી સભ્યો દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# શિહોરાના રવિન્દ્ર ગોસ્વામીએ પ્રથમ પ્રયત્નએ જી.પી.એસ.સી.માં ઉત્તિર્ણ

**સ્ટેટ ટેક્ષ ઓફિસર તરીકે પસંદગી, વિકટ પરિસ્થિતિમાં પરીક્ષા આપી સિદ્ધિ મેળવી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

જી.પી.એસ.સી. વર્ગ-૧,૨ની પરીક્ષાનું પરીણામ જાહેર થયું જેમાં બાયડ સાથે સંકળાયેલા ઉમેદવારોએ મેદાન મારી કર્મભૂમિ બાયડને ગૌરવ અપાયું છે. કપડવંજ તાલુકાના શિહોરાના અને બાયડની ઓમ રેસીડેન્સીમાં રહેતા રવિન્દ્ર અલ્પેશભાઈ ગોસ્વામીએ પ્રથમ પ્રયત્નેજ જી.પી.એસ.સી. મેઈન્સ અને ઈન્ટરવ્યું ક્લીઅર કરી સ્ટેટ ટેક્ષ ઓફિસર તરીકે પસંદ થઈ સમગ્ર દશનામ ગોસ્વામી સમાજનું ગૌરવ વધાર્યું છે.



પ્રાપ્ત વિગતો અનુસાર બાયડ તાલુકાની સરહદને પેલેપાર આવેલા શિહોરા ગામના અનેક યુવાનોએ પોલિસ, મહેસુલ સહિતના અન્ય વિભાગોમાં ઉચ્ચ અધિકારી તરીકેની પોસ્ટીંગ મેળવી કપડવંજ તાલુકાને સમગ્ર રાજ્યમાં ગૌરવ અપાયું છે. તાજેતરમાં જી.પી.એસ.સી. વર્ગ-૧,૨ની પરીક્ષા યોજાઈ જેમાં બી.એસ.સી. નર્સિંગનો અભ્યાસ કરનાર રવિન્દ્ર ગોસ્વામીએ જી.પી.એસ.સી.ની પરીક્ષા આપી હતી અને પ્રિલીમ પછી મેઈન્સ તેમજ ઈન્ટરવ્યું ક્લીઅર કર્યુ અને પરીવારના સારા દિવસો શરૂ થવાના હોય તે રીતે તેની સ્ટેટ ટેક્ષ ઓફિસર તરીકે પસંદગી થતાં સમગ્ર રાજ્યના દશનામ ગોસ્વામી સમાજમાં ખુશાલી છવાઈ છે. પરીવાર અને સમાજમાં ખુશાલી હોય તે સમજી શકાય પરંતુ વર્ષો સુધી બાયડ પોસ્ટ ઓફિસમાં પોસ્ટમેન તરીકે ફરજ બજાવતાં રમણભાઈ પ્રજાપતિ(અમિયાપુર)ને વધુ ખુશાલી જોવા મળી કારણ કે તેમના મિત્રનો પુત્ર એક અધિકારી બની ગયો છે. રવિન્દ્ર ગોસ્વામીની સિદ્ધિથી ઓમ રેસીડેન્સીમાં રહેતા તમામ પરીવારોમાં ખુશાલી છવાઈ છે.

## જન્મદિને વધામણી



આર .એમ .વ્યાસ
નિવૃત શિક્ષક આકરુંદ હાઇસ્કુલ
આણંદ.



જયેશ ઇશ્વરભાઇ બ્રહ્મભટ્ટ
આક્રુંદ તા.ધનસુરા



હરનિશ પંચાલ
અમદાવાદ



રાકેશભાઈ પટેલ
હિંમતનગર



વિપુલભાઈ રાવલ
કેળવણીકાર
હિંમતનગર જિલ્લો
સાબરકાંઠા



મનોજ મોહનભાઇ પરમાર
વાટંડા, તા.બાયડ

# પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા જયપુરી લુહાર સમાજની જનરલ સભા યોજાઈ

**પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી સહિત કારોબારી સભ્યોની વરણી કરવામા આવી : પ્રમુખ પદે લુહાર ઈસ્માઇલ ભાઇ (ભુરાભાઇ)ની સર્વાનુમતે વરણી : પ્રાંતિજ તાલુકા જયપુરી લુહાર સમાજ દ્વારા હોદેદારોની સર્વાનુમતે વરણી થઈ**

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા જયપુરી લુહાર સમાજની જનરલ સભા મળી હતી જેમા પ્રાંતિજ તાલુકાના જયપુરી લુહાર સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી સહિતના હોદેદારો ની સમાજના લોકો દ્વારા સર્વાનુમતે વરણી કરવામા આવી હતી.



પ્રાંતિજ ખાતે સિનેમા રોડ ઉપર આવેલ આશિયાના સોસાયટી ખાતે રહેતા લુહાર ઈસ્માઇલ ભાઈ ને ત્યા જયપુરી લુહાર સમાજ ગુજરાતના પ્રમુખ ઈસ્માઇલ ભાઈ લુહાર ની સુચના અનુસાર પ્રાંતિજ તાલુકા જયપુરી લુહાર સમાજની જનરલ સભા મળી હતી જેમા પ્રાંતિજ તાલુકા જયપુરી લુહાર સમાજ ના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી સહિતના હોદેદારો ની સર્વાનુમતે વરણી કરવામા આવી હતી જેમા પ્રાંતિજ તાલુકા જયપુરી લુહાર સમાજ ના પ્રમુખ તરીકે લુહાર ઈસ્માઇલ ભાઈ (ભુરાભાઈ) ની વરણી કરવામા આવી હતી તો ઉપપ્રમુખ તરીકે લુહાર સિરાજભાઈ ની વરણી કરવામા આવી હતી અને મંત્રી તરીકે લુહાર સલમુભાઈ (ચોમુવાળા ) ની તેમજ સહ મંત્રી તરીકે લુહાર સમીર ભાઈ ની વરણી કરવામા આવી હતી તો કારોબારી સભ્યો ની પણ સર્વાનુમતે વરણી કરવામા આવી હતી તો સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન લુહાર સફિક ભાઈ તેમજ લુહાર ઈસ્માઇલ ભાઈ દ્વારા કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકા ના વોર્ડ નંબર-૫ ના કોર્પોરેટર મોહસીન ભાઈ છાલોટીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શાકોત્સવની યોજાયો

**૩૦૫ વર્ષથી ચાલી આવતી પરમપરા આજે પણ યથાવત : મંદિર સંકુલમાં આજે પણ યંત્રયુગમાં મહિલાઓ ઈંટોના ચુલા બનાવી રોટલા બનાવે છેઃ પ્રાંતિજ સહિત તાલુકાનાં હરિભકતો ઉમટી પડયા**





પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ સ્વામિનારાયણમંદિર ખાતે ૩૦૫ વર્ષથી ચાલી આવતી શાકોત્સવ ની પરમપરા આજે પણ યંત્ર યુગમાં પણ યથાવત છે.અને દરવર્ષની જેમ આવર્ષે પણ શાકોત્સવ ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ મેન બજારમાં આવેલ શ્રી સ્વામી નારાયણ મંદિર ખાતે શાકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવીહતી તો મંદિર ખાતે ના સભાખંડમાં સંતોના આશીર્વાદ કાર્યક્રમ યોજાયો હતો જેમાં જેમા સ્વામીનારાયણ સંપ્રદાય ના વિવિધ સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા તો ગુરૂ.શા.સ્વામી પ્રાણ જીવનદાસજી દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતાં જયારે આજથી ૩૦૫ વર્ષ પહેલાં લોયા ગામમાં ભગવાન સ્વામીનારાયણ દ્વારા ૬૦ મણ રીંગણા અને ૧૨ મણ ઘી થી શરૂઆત કરવામાં આવેલ પ્રથા આજે પણ યથાવત છે તો પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિર સંકુલ માં ધર્મપ્રેમી મહિલા ઓ દ્વારા ઈંટો ના ચુલા બનાવી બાજરીના રોટલા બનાવેછે અને શાક ખીચડી અને છાશ નો ભોજન સ્વરૂપે પ્રસાદ લઈ હજારો હરિ ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

# ભિલોડા ખાતે બે દિવસીય મંડલ પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ

ભિલોડા, તા.૨૭

અરવલ્લી જિલ્લા ભાજપના ઉપક્રમે અગાઉ ત્રણ તાલુકા મંડલ અને એક શહેર મંડલના પ્રશિક્ષણ વર્ગો સંપન્ન થયા પછી આજરોજ પ્રશિક્ષણ વર્ગ ભિલોડા બી.એડ.કોલેજ ખાતે યોજાતા આજે પ્રથમ દિવસે પ્રશિક્ષણવર્ગના ઉદ્દ્ઘાટન સત્રમાં પ્રથમ વક્તા આર.કે.પટેલે ભાજપનો ઈતિહાસ





ભિલોડા,મેઘરજ અને ધનસુરા મંડલમાં પ્રશિક્ષણ વર્ગો યોજાતા બે દિવસીય આ પ્રશિક્ષણ વર્ગોમાં આજના પ્રથમ દિવસે વિવિધ વિષયોમાં વક્તાઓ દ્વારા પાંચ સત્રો લેવાયા હતા. ભિલોડા મંડલનો અને વિકાસ વિષય,જ્યારે બીજા સત્રના વક્તા પ્રભુદાસભાઈ પટેલે આજના ભારતની વૈચારિક મુખ્ય ધારા અને આપણી વિચાર ધારા ઉપર વક્તવ્ય આપ્યું હતું. બપોર પછી ત્રણ સત્રો લેવાયાં હતા જેમાં મીડિયાનો વ્યવહાર અને ઉપયોગ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ વિષયના વક્તા રાકેશભાઈ એમ.પટેલ હતા,જ્યારે પૂર્વ જિલ્લા ભાજપના પ્રમુખ રણવીસિંહ ડાભીએ આપણી ચોથા સત્રમાં કાર્યપધ્ધતિ,સંગઠન-સંરચનામાં આપણી ભૂમિકા અને પાંચમા સત્રમાં પણ એમણે શક્તિકેન્દ્ર અને બુથમાં કરવાના કામો વિષયોના વક્તા તરીકે ઉંડાણ પૂર્વક માહિતી આપી હતી. આ પ્રશિક્ષણ શીબિરમાં ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતિભાઈ પટેલ,મહામંત્રી નાનજીભાઈ કલાસવા, ભવાનભાઈ તરાર,જિલ્લા પંચાયત સદસ્ય નિલાબેન મડિયા,પ્રભારી અને જિલ્લા ભાજપના ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ,મનોજભાઈ પટેલ, ઉપ પ્રમુખ રાજુભાઈ,પ્રથમ સત્રના સંચાલક ડૉ.રાકેશભાઈ બી.બોડાત મહામંત્રી, આદિજાતિ મોરચો અરવલ્લી હતા જ્યારે બીજા સત્રના સંચાલક , યોગેશભાઈ બુદ્ધ મહામંત્રી અનુસૂચિત જાતિ મોરચો અરવલ્લી હતા. દરમિયાન તાલુકામાં નવા ચૂંટાયેલા દસ જેટલા સરપંચોનું વક્તા પ્રભુદાસભાઈ પટેલના હસ્તે સન્માન કરવામા આવ્યું હતું.

# સેવા અને સારવારના સુદ્દઢ અભિગમથી રાજય સરકાર કામ કરી રહી છે : કુબેરભાઈ ડિંડોર

**તલોદના રોઝડ ગામે રૂ. ૯૨ લાખના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાપર્ણ કરાયું**

બાયડ તા.૨૭

રાજયભરમાં આરંભાયેલા સુશાસન સપ્તાહના તૃતીય દિને સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રોઝડ ગામે મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરના હસ્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ખુલ્લુ મુકવામાં આવ્યુ હતું.

પ્રાસંગિક પ્રવચન કરતા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં પાયાની સુવિધા વધારવા સાથેના સુદ્દઢ અભિગમ સાથે કેન્દ્ર અને રાજયની સરકાર કામ કરી રહી છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે શહેરી સમકક્ષ સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારમાં ઉભી કરવામાં આવી રહી છે.





મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે બે દશકા અગાઉ અને અત્યારે ગામડાઓમાં આમૂલ પરીવર્ત આવ્યું છે. ગામડાઓમાં પીવાના પાણીથી લઈ રોડ-રસ્તા, ખેડૂતોને દિવસે વીજળી અને આરોગ્યભવનોના નિર્માણથી લઈ અનેક ક્ષેત્રોમાં વિકાસના નવિન કામ આરંભાયા છે. રાજય સરકાર સેવા અને સારવારના સુદ્દઢ અભિગમ સાથે કામ કરી છે. તેમણે કોરોનાકાળમાં જયાં પરીવારના સભ્યો સારવાર માટે અંતર રાખતા હતા ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં આરોગ્યકર્મીઓ ખરા અર્થમાં દેવદૂત સાબિત થયા હતા.

સાસંદ શ્રી દિપસિંહ રાઠોડ આરોગ્ય સેવાની વાત કરતા જણાવ્યું હતું કે દેશના મોટાભાગના પરીવારો ગંભીર બિમારીને કારણે આવકનો હિસ્સો ઓછો થાય છે જેને લઈ ગરીબી રેખાની નીચે આવી જાય છે જેથી ગામડાના સામાન્ય પરીવારને આર્થિક સંકટને પંહોચી વળવા આયુષ્યમાન ભારત યોજનાનો પ્રારંભ કર્યો છે જેમાં દેશના ૧૦ કરોડથી વધુ પરીવારોને આવરી લેવામાં આવ્યા છે. ઉપરાંત ગરીબ દર્દીઓને રાહતદરે દવા ઉપલબ્ધ થાય તે માટે જનઔષધિ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધીરજભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે, રોઝડ ગામે આરોગ્ય ભવનના નિર્માણથી આસપાસના ૧૮થી વધુ ગામાના લોકોની આરોગ્ય સુખાકારીની સુવિધામાં વધારો થશે.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એચ.શાહ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેષ પટેલ, અધિક આરોગ્ય અધિકારી શ્રી કિશોર ચારણ, આરસીએચઓ જયેશ પરમાર, અગ્રણી શ્રી ગુલાબસિંહ સહિત આરોગ્યકર્મીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.

**પ્રાંતિજના મજરા ખાતે જયોત પાઠ યોજાયો. સંતો મહંતો, ભજન મંડળ, મહિલા મંડળે ભજન સત્સંગ નો લાહવો લીધો.**



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજના મજરા ખાતે પુત્રએ સ્વ.પિતાની યાદ મા એક જ્યોત પાઠનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા સંતો મહંતો અને ૨૮૨ ગામના ગુરૂ ગાદીપતિ કિષ્ણા બા એ જયોત જલાવી મંત્રોચ્ચાર દ્વારા અલખધણી ની આરાધના કરી હતી તો સૌવ હરિભકતો એ જયોત પાઠ ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



ગુજરાતમાં વાલ્મિકી સમાજના સફાઈ કામદારોના પ્રાણ પ્રશ્નો માટે ૧ જાન્યુઆરીએ માલપુરથી ગાંધીનગર દંડવત પ્રણામ કરતાં કરતા લાલજી ભગત મુખ્યમંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને આવેદન આપવા છે તો ૧ જાન્યુઆરી, ૨૦૨૨ આ બાબતે એક દિવસ સફાઈ બંધ રાખવા એક દિવસની રજા આપવા બાબત રજૂઆત કરી હતી.

# બનાસકાંઠામાં કોરોનાના ત્રણ પોઝિટિવ કેસ

**કોરોમા એ ફરી એક વાર દેખા દેતા લોકોમાં ફફડાટ**

પાલનપુર તા. ૨૭

બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયત ની ચૂંટણી ઓ પૂર્ણ થતાની સાથે જ કોરોના ની એન્ટ્રી થઈ છે જેમાં પાલનપુર તેમજ ડીસામાં કોરોના ના કેસ સામે આવી રહ્યાછે જેમાં અગાઉ પાલનપુર માં ચાર અને ત બાદ ડીસામાં એક પોજેટિવ કેસ નોંધાયો હતો જેમાં બે કોરોના સંક્રમિત દર્દી એ સારવાર લઈ કોરોના ને માત આપી છે જયારે હાલ જિલ્લા ત્રણ કેસ એક્ટિવ હોવાનું આરોગ્ય સૂત્રોએ જણાવ્યું છે ત્યારે કોરોના થી બચવા લોકોએ સાવચેતી રાખવી જરૂરી બને છે.

# નાથપુરની સીમમાંથી અજાણ્યા ઈસમની લાશ મળતાં ચક્ચાર

**બાયડ તાલુકામાં લાશો મળી આવવાનો સિલસિલો બાયડ**

(બ્યુરો ઓફિસ) તા.૨૭

બાયડ તાલુકામાં લાશો મળી આવવાના સિલસિલા વચ્ચે ગત રોજ ગ્નાથપુર(ભૂખેલ) ગામની સીમમાંથી ૩૮ વર્ષિય અજાણ્યા ઈસમની લાશ મળી આવતાં સનસનાટી મચી છે. બનાવ અંગે બાયડ પોલીસ એડીનોંધી તપાસ શરુ કરી છે.

છેલ્લા કેટલાક સમયથી અણી લાશો મળવાના બનાવોએ અનેક તર્કવિતર્ક જગાવ્યા છે. મૃતના રહેઠાણના પુરાવા મળતા ન હોવાના શરણે અજાણી લાશોમાં પોલીસ કવા ખાતર તપાસ કરી અંતિમ સંસ્કાર કરી નાખતી હોય છે. તાજના સ્નાથપુર(ભૂખેલીની સીમમાં તા.૨૩ના રોજ અજાણ્યા ઈસમની લાશ જોવા મળતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાં બાયડ પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને મૃતકની ઓળખ કરવા માટે પ્રયાસ કર્યો પરંતુ સાંજ સુધી ઈ સળતા મળી ન હતી થી લાશને પી.એમ. કરાવી ઘેલ સ્ટોરેજમાં મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. બનાવ અંગે ભીખસિંહ ઉદેસિંહ પરમારની જાણના આધારે બાયડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.